## નય અને સ્યાદ્‌વાદના અદ્‌ભુત જ્ઞાનપુંજથી પ્રકાશિત 'દ્વાદશાર નયચક્ર'ના રચયિતા

# આચાર્યશ્રી મલ્લવાદીસૂરિજી મહારાજ

આચાર્યશ્રી મલ્લવાદીસૂરિ મહાપ્રજ્ઞાવાન હતા; તર્ક–નય–શાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા અને વાદમાં અજોડ હતા. કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિએ 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન'માં 'अनुमल्लवादिनं तार्किकाः' કહી આચાર્ય મલ્લવાદીને તાર્કિક-શિરોમણિ બતાવ્યા છે. વલભીમાં આચાર્ય નાગાર્જુનસૂરિએ જે ચોથી આગમવાચના કરી તેમાં આચાર્ય મલ્લવાદીસૂરિનો સહયોગ નોંધપાત્ર હતો.

'પ્રભાવકચરિત્ર' મુજબ આચાર્ય મલ્લવાદીસૂરિનો જન્મ વલભીમાં થયો હતો. વલભી ત્યારે સૌરાષ્ટ્રની રાજધાની હતું. તેમની માતાનું નામ દુર્લભદેવી હતું. દુર્લભદેવીને ત્રણ પુત્રો હતા. ૧. જિનયશ, ૨. યક્ષ અને ૩. મલ્લ. આ મલ્લ એ જ મલ્લવાદી. શ્રી જિનાનંદસૂરિ તેમના ગુરુ અને સંસારીપણે મામા હતા. 'પ્રબંધ ચિંતામણિ' મુજબ દુર્લભદેવી વલભીનરેશ શિલાદિત્યની બહેન હતી. મલ્લવાદી રાજા શિલાદિત્યના ભાણેજ હતા. અન્ય પ્રબંધમાં શ્રી મલ્લ-વાદીસૂરિ નાગેન્દ્રગચ્છના આચાર્ય હતા અને તેમનાથી મલ્લવાદીગચ્છ ચાલ્યો હોવાનું દર્શાવ્યું છે. આ મલ્લવાદીગચ્છની ગાદી પંચાસર, પાટણ, થામણા (ખંભાત) વગેરે સ્થાનોમાં હતી, જેની પરંપરામાં મલ્લવાદી નામના બીજા પણ અનેક સૂરિવરો થયા છે. આ આચાર્ય દરેકના પૂર્વજ–પહેલાં મલ્લવાદી હતા.

શ્રી મલ્લવાદીના કુટુંબીજનો જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાશીલ હતા. મલ્લવાદીની માતા દુર્લભ-દેવી જૈનધર્મની અનન્ય ઉપાસિકા હતી. મલ્લવાદીના મામા શ્રી જિનાનંદસૂરિ ભરૂચમાં વિરાજમાન હતા ત્યારે એક વખત શાસ્ત્રાર્થમાં બૌદ્ધભિખ્ખુ નંદથી પરાભવ પામવાને લીધે તેમને ભરૂચ છોડવું પડયું. તે પછી તેઓ વલભી પધાર્યા. ત્યાં એક દિવસ તેમનો ધર્મોપદેશ શ્રવણ કરવા દુર્લભદેવી પોતાના ત્રણે પુત્રો સાથે આવ્યા હતા. તેમના ઉપદેશથી દુર્લભદેવી અને તેમના ત્રણે પુત્રો વૈરાગ્ય પામ્યા. સંસારની અસારતા સમજ્યા. માતાસહિત ત્રણે પુત્રોએ શ્રી જિનાનંદ-સૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરુ પાસે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી ત્રણે મુનિભાઈઓ વિદ્વાન થયા. ત્રણેમાં મલ્લમુનિ સૌથી વધુ વિદ્વાન હતા. શ્રી જિનાનંદસૂરિ પોતે વિવિધ વિષયોના ગંભીર જ્ઞાતા હતા. પૂર્વાચાર્યો દ્વારા 'જ્ઞાન–પ્રવાદ' નામના પાંચમા પૂર્વમાંથી ઉદ્‌ધૃત 'નયચક્ર' નામનો ગ્રંથ તેમની પાસે હતો, જેનું અધ્યયન–અધ્યાપન વિશેષ વિધિપૂર્વક જ કરી–કરાવી શકાતું હતું. એક વખત તીર્થયાત્રા કરવા જતી વખતે તેમણે વિચાર કર્યો કે, બાળસુલભ ચપળતાને કારણે કુશાગ્રબુદ્ધિવાળા મલ્લમુનિ દ્વારા આ ગ્રંથ ભણવામાં આવશે તો અનિષ્ટ થવાનો સંભવ છે. આ અંગેનો સ્પષ્ટ નિષેધાત્મક આદેશ આપીને જ મારે તીર્થયાત્રાએ જવું એ ઉચિત છે. આ માટે ગંભીરતાપૂર્વક વિચાર કરી આચાર્યશ્રી જિનાનંદસૂરિએ સાધ્વી દુર્લભદેવીની સાથે મલ્લમુનિને બોલાવીને કહ્યું કે—"પ્રિય શિષ્ય! હું તીર્થયાત્રા માટે જાઉં છું. મન લગાડીને અભ્યાસ કરતા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

રહેજો. પણ એક વાતનું ધ્યાન રાખજો કે, આ નયચક્ર ગ્રંથને ભૂલથી પણ ભણશો નહિ, નહિતર ઉપદ્રવ થવાનો સંભવ છે." શિષ્ય મલ્લમુનિ અને સાધ્વી દુર્લભદેવીને સારી રીતે આ વાત સમજાવી ગુરુએ પ્રયાણ કર્યું.

એ મનોવૈજ્ઞાનિક સત્ય છે કે, નિષેધ કરેલી વાતને જાણવાનું આકર્ષણ અધિક હોય છે. મલ્લમુનિના મનમાં નયચક્ર ગ્રંથ વાંચવાની આતુરતા થઈ. ગુરુએ સંપૂર્ણપણે એ ગ્રંથ વાંચવાનો નિષેધ કર્યો હોવા છતાં આ બાલમુનિ પોતાની ઇચ્છા રોકી શક્યા નહિ. તેમણે સાધ્વી દુર્લભદેવીની રજા લીધા સિવાય તે વાંચવાની શરૂઆત કરી. ગ્રંથમાં પ્રથમ શ્લોક આ પ્રમાણે હતો.

विधिनियमभङ्गवृत्ति व्यतिरिक्तत्वादनर्थकमवोचत् ।
जैनदन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥ १ ॥

શ્લોકનો અર્થ સમજવા મલ્લમુનિ પ્રયત્ન કરી રહ્યા હતા, ત્યાં અચાનક શાસનદેવીએ આવી ગ્રંથ ખૂંચવી લીધો. તેથી મલ્લમુનિના મનમાં ખેદ થયો. સમસ્ત સંઘમાં પણ આ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ચાલ્યો જવાથી ચિંતા ફેલાઈ ગઈ. પરંતુ તેને પ્રાપ્ત કરવાનો કોઈપણ ઉપાય કોઈના હાથમાં ન હતો. ગાઢ પશ્ચાત્તાપ યુક્ત મલ્લમુનિ પર્વતની ગુફામાં વિશેષ સાધના કરવા લાગ્યા. તેમણે ઘોર તપ આરંભ્યો. નિરંતર છટ્ઠ તપ કરવા લાગ્યા. પારણામાં રૂક્ષ ભોજન લેતા હતા. ચાતુર્માસિક પારણાના દિવસે સંઘની આગ્રહપૂર્વકની વિનંતિથી સાધુઓ દ્વારા લવાયેલું સ્નિગ્ધ ભોજન લીધું.

તેમની ઘોર તપસાધનાથી દેવી પ્રગટ થઈ. તેણે મલ્લમુનિની પરીક્ષા કરી. મલ્લમુનિ તેમાં ઉત્તીર્ણ થયા. આથી દેવીએ સમયાન્તરે વિવિધ પ્રશ્નો પૂછ્યા અને તેનાથી પ્રસન્ન થઈ કહ્યું કે, "મુનિ! હું તમારા પર પ્રસન્ન છું. તમે કોઈ વરદાન માગો." મલ્લમુનિએ તે ગ્રંથ પાછો આપવા કહ્યું. દેવી બોલી, "એ હવે અસંભવ છે. પણ તમે નયચક્ર ગ્રંથની જે એક કારિકા (શ્લોક) ભણ્યા છો, તેના આધારે તમે નયચક્ર ગ્રંથના સર્વ અર્થ કરવા સફળ બની શકશો." દેવી આટલું રહસ્ય પ્રગટ કરી અદશ્ય થઈ ગઈ.

મલ્લમુનિ અત્યંત ઉત્સાહપૂર્વક ઇષ્ટદેવનું સ્મરણ કરી ગ્રંથરચના કરવા લાગ્યા. તેમણે પૂર્વે ભણેલી એક કારિકાને આધારે દસ હજાર શ્લોકપ્રમાણ નવા 'નયચક્ર' શાસ્ત્રનું નિર્માણ કર્યું, જે આજે દ્વાદશાર નયચક્રને નામે પ્રસિદ્ધ છે. આ ગ્રંથને હાથીની અંબાડી પર પધરાવી રાજાએ અને શ્રીસંઘે મહોત્સવ કર્યો અને મલ્લમુનિનું અપૂર્વ સન્માન કર્યું. ત્યારબાદ કેટલાક સમયે શ્રી જિનાનંદસૂરિ તીર્થયાત્રા કરી વલભી પધાર્યા. મલ્લમુનિને સર્વ પ્રકારે યોગ્ય જાણી સૂરિપદ પ્રદાન કર્યું.

પૂર્વે શ્રી જિનાનંદસૂરિજીને ભરૂચમાં બૌદ્ધભિક્ષુ નંદ સાથે શાસ્ત્રાર્થમાં પરાજય મળતાં, ત્યાંથી તેમને નીકળી જવું પડયું હતું અને એને લીધે શ્રમણવર્ગને ઘણું સહન કરવું પડયું હતું. આ વાતથી વ્યથિત શ્રી મલ્લવાદીસૂરિએ ગુરુદેવના પરાજયનું કલંક દૂર કરવા અને જૈનશાસનનું ખોવાયેલું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરી એક દિવસ ભરૂચ પધાર્યા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં બૌદ્ધભિક્ષુ નંદ સાથે રાજસભામાં શાસ્ત્રાર્થ થયો. શ્રી મલ્લવાદીસૂરિએ 'નયચક્ર'ના આધારે શાસ્ત્રાર્થ શરૂ કર્યો. છ મહિના સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. છેવટે શ્રી મલ્લવાદીસૂરિનો વિજય થયો. જૈનશાસનનું ગૌરવ પુનઃ સ્થાપિત થયું. આથી સમસ્ત સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો. રાજાએ પણ ઘણી પ્રસન્નતાપૂર્વક આચાર્યશ્રીને 'અજેયવાદી'નું બિરુદ અર્પણ કર્યું અને બૌદ્ધભિક્ષુ નંદને ભરૂચમાંથી ચાલ્યા જવાનો આદેશ આપ્યો. પણ, ઉદાર અને દયાવાન શ્રી મલ્લવાદીસૂરિએ રાજાને કહી એ આદેશ બંધ રખાવ્યો. શ્રી જિનાનંદસૂરિ આ વાત જાણી સંઘ-સહિત વલભીથી ભરૂચ પધાર્યા, તેઓનો ઘણા જ બહુમાનપૂર્વક નગર–પ્રવેશ થયો. સાધ્વી દુર્લભદેવી પણ પુત્ર-સૂરિના વિજયથી પ્રસન્ન થયાં. ગુરુશ્રી જિનાનંદસૂરિએ ઘણા હર્ષપૂર્વક આશિષ આપ્યા અને ગચ્છનો ભાર યથાયોગ્ય એવા શ્રી મલ્લવાદીસૂરિને સોંપ્યો.

'પ્રબંધચિંતામણિ' પ્રમાણે શ્રી મલ્લવાદીનો આ શાસ્ત્રાર્થ બૌદ્ધો સાથે વલભીમાં રાજા શિલાદિત્યની સભામાં થયાનો ઉલ્લેખ છે. વળી, શ્રી જિનાનંદસૂરિના પરાભવની વાત મલ્લવાદીને માતા દુર્લભદેવી દ્વારા જાણવા મળી હતી. અને સાથોસાથ એ પણ જાણવા મળ્યું કે—

"तीर्थं शत्रुंजयाह्वं यद् विदितं मोक्षकारणम् ।
श्वेताम्बरा-भावतस्तद् बौद्धैर्भूतैरिवाश्रितम् ॥ ३२ ॥"

(અર્થાત્, જેનું મુખ્ય તીર્થ શત્રુંજય હતું, તે તીર્થ બૌદ્ધોના કબજામાં હતું. તેના પર તે વખતે જૈનોનો અધિકાર રહ્યો ન હતો.)

માતાની આ વાત સાંભળી મલ્લવાદીસૂરિએ પ્રતિજ્ઞા કરી કે—

"नोन्मूलयामि चेद बौद्धान् नदीरय व द्रुमान् ।
तदा भवामि सर्वज्ञध्वंस—पातकभाजनम् ॥ ३५ ॥"

આ આકરી પ્રતિજ્ઞા સાથે મલ્લવાદીસૂરિએ કોઈ ગુફામાં ઘોર તપ કર્યું. તપના પ્રભાવથી પ્રગટ થઈ દેવીએ મલ્લવાદીસૂરિની બુદ્ધિની પરીક્ષા કરી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા મલ્લવાદીને દેવીએ પ્રસન્ન થઈ કહ્યું કે, 'भूयाः परमतापहः' (તમે પરમતના વિજેતા બનો.) દેવી પાસેથી આવા પ્રકારનું વરદાન પામી, ન્યાયવિદ્યામાં પ્રવીણ બની મલ્લાવાદીસૂરિએ વલભીમાં બૌદ્ધભિક્ષુ નંદ સાથે શાસ્ત્રાર્થ કર્યો અને વિજય મેળવ્યો. આ શાસ્ત્રાર્થ 'વિજયસિંહસૂરિ પ્રબંધ' મુજબ વીરનિર્વાણ સં. ૮૮૪ (વિ. સં. ૪૧૪)માં થયો હતો.

(આચાર્યશ્રી મલ્લવાદીસૂરિ વાદકુશળ હતા, તેમ જ સમર્થ સાહિત્યકાર પણ હતા. તેમના દ્વારા રચાયેલા ત્રણ ગ્રંથોનો ઉલ્લેખ મળે છે: ૧. દ્વાદશાર નયચક્ર, ૨. ૨૪ હજાર શ્લોકપ્રમાણ પદ્મચરિત્ર, ૩. સન્મતિતર્ક ટીકા. આ ત્રણ ગ્રંથોમાં અત્યારે ફક્ત દ્વાદશાર નયચક્ર ગ્રંથ મળે છે. તે તર્ક–ન્યાયવિષયક ઉત્તમ ગ્રંથ છે.

'નયચક્રશાસ્ત્ર' ગ્રંથ ૧૩ વિભાગમાં વહેંચાયેલો છે. શરૂઆતમાં ૧૨ ભાગમાં વિધિ-નિયમથી ઉત્પન્ન થતાં ૧૨ નયોનું વર્ણન છે, જે આ શાસ્ત્રના ૧૨ આરા રૂપે છે અને એ જ કારણે આ શાસ્ત્રનું નામ 'દ્વાદશાર નયચક્ર' પણ છે. ૧૩મા ભાગમાં ૧૨ નયોનું સંયોજન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેથી આ ૧૨મા ભાગનું નામ 'સ્યાદ્વાદતુંબ' રખાયું છે. જૈનસાહિત્યમાં ૭૦૦ નયોના સંગ્રહવાળું 'સપ્તશતારચક્ર' હતું, જેમ આ ૧૨ નયોના સંગ્રહવાળું 'દ્વાદશાર નયચક્ર' છે. આચાર્ય મલ્લવાદીએ આ નયચક્રમાં પૂર્વેનાં–પ્રાચીન દર્શનોથી લઈ પોતાના સમય સુધીના મતોનું તલસ્પર્શી સ્વરૂપ વર્ણવી, તેની માર્મિક સમાલોચના કરી છે. નય અને સ્યાદ્વાદ દર્શનનું વિવેચન કરનાર સંસ્કૃત ભાષાનો આ અદ્ભુત–અનુપમ ગ્રંથ છે. વર્તમાનમાં આ ગ્રંથ મૂળસ્વરૂપે મળતો નથી. આચાર્ય શાંતિસૂરિ, મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરિ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ગુરુભાઈ આચાર્ય પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર આચાર્ય ચંદ્રસેનસૂરિના સમય સુધી આ ગ્રંથ વિદ્યમાન હતો. વિ. સં. ૧૩૩૪ પહેલાં તે વિલુપ્ત થઈ ગયો. એટલે વર્તમાનમાં આ ગ્રંથ મૂળ સ્વરૂપે મળતો નથી; પણ તેના ઉપર આચાર્ય સિંહસૂરગણિ વાદી ક્ષમાશ્રમણકૃત 'નયચક્રવાલ' અપરનામ 'ન્યાયગમાનુસારિણી' નામની ૧૮ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત ચૂર્ણિ–ટીકા મળે છે અને મહો૦ યશોવિજયજીએ તેનો આદર્શ પાઠ તૈયાર કરેલ છે તે મળે છે. તે પરથી આ ગ્રંથની મહત્તા અને ગ્રંથકર્તાની વાદશક્તિનો વિશદ ખ્યાલ આવે છે. વર્તમાનમાં વિદ્યમાન વિદ્વદ્વર્ય શ્રી જંબૂવિજયજી મહારાજે ઘણું ઘણું સંશોધન કરી 'દ્વાદશાર નયચક્ર' ઉપર સારો એવો પ્રકાશ પાડતાં ગ્રંથનું સ્તુત્ય સર્જન કર્યું છે. )

આચાર્ય મલ્લવાદીના મોટાભાઈ મુનિ અજિતયશે વાદી શ્રીચંદ્રની પ્રેરણાથી 'પ્રમાણ' ગ્રંથ રચ્યો હતો અને વચલા ભાઈ યક્ષમુનિએ 'અષ્ટાંગનિમિત્તબોધની' સંહિતાનું નિર્માણ કર્યું હતું. વર્તમાનમાં આ ગ્રંથ અપ્રાપ્ય છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ રચેલ 'અનેકાંત જયપતાકા'માં આચાર્ય મલ્લવાદીના ગ્રંથ 'સન્મતિતર્ક'માંથી ઘણાં અવતરણો ટાંક્યાં છે. આથી આચાર્ય મલ્લવાદી શ્રી હરિભદ્રસૂરિ પહેલાં થયેલા સિદ્ધ થાય છે. આચાર્ય મલ્લવાદીસૂરિનો બૌદ્ધો સાથે શાસ્ત્રાર્થ વીરનિર્વાણ સં. ૮૮૪ (વિ. સં. ૪૧૪)માં થયો હતો, એ આધારે આચાર્ય મલ્લવાદીસૂરિ વીરનિર્વાણની નવમી (વિક્રમની પાંચમી) શતાબ્દીમાં થયેલા મનાય છે.

## આગમોદ્ધારક અને 'પ્રખર ભાષ્યકાર'ના લાડીલા નામથી પ્રસિદ્ધિ પામેલા બહુશ્રુત પરમ ગીતાર્થ

# આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

( શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહાશ્રુતધર આચાર્ય હતા. તેઓ જ્ઞાનના સાગર અને આગમવાણી પ્રત્યે અગાધ શ્રદ્ધાશીલ અને નિષ્ઠાવાન હતા. તેમનું ચિંતન સ્વતંત્ર નહિ, પણ આગમયુક્ત હતું. આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આગમને પ્રથમ સ્થાન આપ્યું. આગમનું આલંબન લઈ તેમણે યુક્ત અને અયુક્તની વિચારણા કરી. ઇતિહાસનાં પૃષ્ઠો પર આગમ-પરંપરાના પોષક આચાર્યોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું નામ નોંધપાત્ર છે. )

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org